Toronto District School Board

ઓગસ્ટ 21, 2020

પ્રિય માતાપિતા/વાલીઓ અને પરિવારો,

અમે તમારો આભાર માનીને શરૂઆત કરવા માંગીએ છીએ. અમે, શાળામાં સલામત પરત ફરવા અને કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓ માટે, શિક્ષણ મંત્રાલયની જરૂરી મંજૂરીઓ અનુસાર યોગ્ય તે કરવાનાં તમામ આયોજન માટે કામ કરી રહ્યા છીએ, ત્યારે આપ દરેકના સતત ધૈર્ય બદલ આભાર. એ સરળ અથવા સીધી પ્રક્રિયા નહોતી. અમે જાણીએ છીએ કે ટીડીએસબી શાળાઓ ખોલીને અમે વિદ્યાર્થીઓને પાછા આવકારતા હોવાથી, તમે શું અપેક્ષા રાખવી તેના વિશે વધુ જાણવા આતુર છો. આગળ વધીએ છીએ તેમ, અમે તમારી નિરંતર સમજણ અને તમારા ભરોસાની કદર કરીએ છીએ. શાળામાં સલામત પાછા ફરી શકાય તે માટે અસરકારક રીતે યોજના ઘડવા અમે બધું જ કરી રહ્યા છીએ અને કર્મચારીગણ, વિદ્યાર્થીઓ અને પરિવારોને સલામત અને સ્વસ્થ રાખવા માટે અમે શક્ય તે બધું કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તમે કદાચ જાણતા હશો કે, ટ્રસ્ટીઓએ ગઈકાલે ઘણા મહત્વના નિર્ણયો લીધા હતા, જેમાં શાળાઓમાં વિદ્યાર્થી અને કર્મચારીઓની સલામતીમાં સુધારો કરવામાં મદદ માટે, પ્રાથમિક વર્ગોના કદને ઘટાડવા વધારાના 366 શિક્ષકો માટે 30 મિલિયન ડોલરથી વધુના ભંડોળની મંજૂરી સામેલ છે. કર્મચારીઓએ હવે અમારા માધ્યમિક અને પ્રાથમિક શાળાના શિક્ષણ મોડેલોને અંતિમ સ્વરૂપ આપ્યું છે અને અમે શાળાઓને ફરીથી ખોલવા માટે જરૂરી મહત્વપૂર્ણ આયોજન તથા તૈયારીઓ સાથે આગળ વધી રહ્યા છીએ.

**<u>મોડી શરૂઆત: મંગળવાર, 15 સપ્ટેમ્બર</u>**

શાળામાં પાછા ફરવાની તૈયારી માટે જરૂરી સમય જોતાં, ટીડીએસબીએ શાળાના પ્રથમ દિવસને (પ્રાથમિક, માધ્યમિક અને વર્ચ્યુઅલ શાળા માટે) મંગળવાર, સપ્ટેમ્બર 15 સુધી ખસેડવો પડશે. ત્યારબાદ તમામ ધોરણના પ્રવેશ તે પછીના ત્રણ દિવસ દરમિયાન તબક્કાવાર થશે. આ વધારાનો સમય અમને સલામત અને વ્યવસ્થિત રીતે શાળાઓ ખોલવામાં મદદ કરશે. વધુ માહિતી અને વિશિષ્ટ વિગતો તમારા બાળકની શાળા તરફથી, માતા-પિતા/પરિવારો સાથે સીધા જ શાળાના પહેલા દિવસ અગાઉ આપવામાં આવશે.

**<u>માસ્ક/ચહેરાના આવરણની માર્ગદર્શિકાઓ</u>**

શાળાઓમાં આરોગ્ય અને સલામતી સુધારવા માટે, <u>બધા</u> વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ટીડીએસબી બિલ્ડિંગમાં અને સ્કૂલ બસોમાં માસ્ક/ચહેરાના આવરણ પહેરવાની જરૂર પડશે. આ નિર્ણય 'સિટિ ઓફ ટોરન્ટો'ની એકંદર આવશ્યકતાને અનુરૂપ છે, જેમાં -તબીબી કારણોસર મુક્તિ સિવાય- બે વર્ષથી વધુ ઉંમરના

કોઈપણ, માટે સાર્વજનિક જગ્યાઓની અંદર માસ્ક/ચહેરાના આવરણ પહેરવા આવશ્યક છે. જો જરૂર હશે તો, શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે માસ્ક ઉપલબ્ધ રહેશે, પણ અપેક્ષા એ છે કે વિદ્યાર્થીઓ તેમના પોતાના માસ્ક/ચહેરાના આવરણ લાવશે અને પહેરશે. ખાસ કરીને નાના વિદ્યાર્થીઓ માટે, અમે સુનિશ્ચિત કરીશું કે વર્ગ-બહારનો વિરામ હોય, જેથી વિદ્યાર્થીઓ એક સમયે ઘણા કલાકો સુધી માસ્ક પહેરી ના રાખે. માસ્ક/ચહેરાના આવરણ વિશે વધુ વિગતો ટૂંક સમયમાં આવશે.

## શિક્ષણના મોડેલ્સ

**પ્રાથમિક (કિન્ડરગાર્ટન થી ધોરણ 8)**

વિદ્યાર્થીઓ (સ્પેશ્યલ એજ્યૂકેશન અને ફ્રેન્ચ ઇમર્સન એન્ડ એક્સટેન્ડેડ ફ્રેન્ચ પ્રોગ્રામ્સમાં હોય તે સહિત), એક કોહર્ટ/ગ્રુપમાં, અઠવાડિયામાં 5 દિવસ શાળામાં સંપૂર્ણ દિવસ માટે હાજર રહેશે, જેમાં રિસેસ અને લંચનો સમાવેશ થતો હશે. શારીરિક અંતરને મહત્તમ બનાવવા માટે નાના વર્ગના કદ સહિત, ઊચ્ચ આરોગ્ય અને સલામતીના શિષ્ટાચાર, તેની જગ્યાએ ગોઠવાયેલા હશે. ટોરન્ટો સમુદાયોમાં આવેલી એ પ્રાથમિક શાળાઓ કે જ્યાં ટોરોન્ટો પબ્લિક હેલ્થ ડેટામાં COVID-19 નો ચેપ લાગવાનું જોખમ વધારે છે; ત્યાં અન્ય તમામ પ્રાથમિક શાળાઓની તુલનામાં વર્ગના કદ નાના હશે. પ્રાથમિક વર્ગના કદ પરની મહત્વપૂર્ણ વિગતો સહિત વધુ માહિતી માટે વેબસાઇટની મુલાકાત લો.

**માધ્યમિક (ગ્રેડ 9 થી 12)**

વિદ્યાર્થીઓ (સ્પેશ્યલ એજ્યૂકેશન અને ફ્રેન્ચ ઇમર્સન એન્ડ એક્સટેન્ડેડ ફ્રેન્ચ પ્રોગ્રામ્સમાં હોય તે સહિત), માટે એકાંતરા (દર બીજા) દિવસે રૂબરૂમાં શિક્ષણ હશે, અને સિંક્રનસ (લાઇવ, ઓનલાઇન શિક્ષણ) તેમજ એસિન્ક્રોનસ (ઇન્ડિપેન્ડન્ટ વર્ક) દરરોજ હશે, શારીરિક અંતરને મહત્તમ બનાવવા માટે વર્ગનાં કદ નાનાં કરવામાં આવ્યાં હશે. વધુ માહિતી માટે, કૃપા કરીને વેબસાઇટની મુલાકાત લો

**વર્ચ્યુઅલ સ્કૂલ (કિન્ડરગાર્ટનથી ગ્રેડ 12)**

જે માતાપિતા તેમના બાળકને ઘરેથી ભણાવવા માંગતા હોય, તે દૂરસ્થ શિક્ષણનો વિકલ્પ પસંદ કરી શકે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને વેબસાઇટની મુલાકાત લો. પ્રાથમિક અને માધ્યમિક.

## સ્કૂલમાં રૂબરૂ અથવા દૂરસ્થ શિક્ષણ માટે નોંધણી

તમે જાણો છો એમ, સપ્ટેમ્બરમાં કયા વિદ્યાર્થીઓએ શાળાએ જવાનું આયોજન કર્યું છે અને કયા વિદ્યાર્થીઓએ સંપૂર્ણપણે દૂરસ્થ (ઘરેલુ) શિક્ષણમાં ભાગ લેવાનું આયોજન કર્યું છે, તે જાણવા માટે અમે આ મહિનાની

શરૂઆતમાં પૂર્વ-નોંધણી પ્રક્રિયા શરૂ કરી હતી. તે સમય પછીથી, શીખવાના મોડેલોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે અને માતાપિતાને આ નિર્ણય લેવામાં મદદ કરવા માટે વધુ માહિતી ઉપલબ્ધ છે. તેથી, ટીડીએસબી આવતા અઠવાડિયાના બુધવારે, માતાપિતા/વાલીઓને અંતિમ નિર્ણય લેવા અને તેમના બાળકોને શાળામાં જવા માટે નોંધણી કરવા માટે અથવા *વર્ચ્યુઅલ સ્કૂલ* દ્વારા દૂરસ્થ શિક્ષણની પસંદગી કરવા માટે, ઇમેઇલ દ્વારા પૂછશે. ઇમેઇલમાં દરેક વિદ્યાર્થી માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન ફોર્મની વિશિષ્ટ લિંક હશે. એક કરતાં વધુ બાળકોવાળાં માતાપિતા/વાલીઓને બાળક દીઠ એક ઇમેઇલ પ્રાપ્ત થશે અને દરેક બાળક માટે એક અલગ નોંધણી પૂર્ણ કરવાની જરૂર રહેશે. ઓનલાઇન રજિસ્ટ્રેશન વીસ વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

તમામ માતાપિતા/વાલીઓએ, જેમણે ગયા અઠવાડિયે પ્રિ-રજિસ્ટ્રેશનના ફોન કોલનો જવાબ આપ્યો છે તેમને માટે પણ, આ ઓનલાઇન રજિસ્ટ્રેશન પૂર્ણ કરવું ખૂબ જ અગત્યનું છે. ફક્ત એવા માતાપિતા/વાલીઓ કે જેમનું ફાઇલ પર ઇમેઇલ સરનામું નથી અથવા ઓનલાઇન રજિસ્ટ્રેશન પૂર્ણ કરેલ નથી, તેઓને તેમની પસંદગી કરવાનું જણાવતા રજિસ્ટ્રેશન ફોન કોલ આવશે. વધુ માહિતી માટે અને નોંધણીના વિવિધ વિકલ્પો વિશે જાણવા માટે, અમે તમામ માતાપિતા/વાલીઓને ટીડીએસબી વેબસાઇટની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરીએ છીએ.

**બુધવાર, 26 ઓગસ્ટ:** તમામ માતાપિતા/વાલીઓને ઇમેઇલ મોકલવામાં આવે છે અને રજિસ્ટ્રેશન ખુલે છે
**શનિવાર, 29 ઓગસ્ટ:** રજિસ્ટ્રેશન બંધ

**આગામી પગલાં**

અમે આગામી દિવસોમાં પરિવારોને અદ્યતન માહિતી આપવાનું ચાલુ રાખીશું. અમે કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનું સ્વાગત કરવા શાળાઓને તૈયાર કરી રહ્યા છીએ. પ્રથમ પગલા તરીકે, કાર્યક્રમ અને કામગીરીની માર્ગદર્શિકાઓને હાલમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે અને આવતા અઠવાડિયે પ્રિન્સિપલ/વાઇસ પ્રિન્સિપલ્સ અને શાળાના કર્મચારીઓને આપવામાં આવશે. કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે શાળાએ પાછા ફરે તે માટે, શાળા સુવિધાઓમાં ઘણી બધી વિચારણાઓ અને ગોઠવણો કરવામાં આવનાર છે અને શાળાના કર્મચારીઓને આ આવશ્યકતાઓ વિશે શીખવા માટે અને વિદ્યાર્થીઓ શાળાએ પરત આવે તે અગાઉ અમલ શરૂ કરવા, સમયની જરૂર રહે છે. વેબસાઇટ પર શાળાઓ માટેના અમારા આરોગ્ય અને સલામતી માર્ગદર્શનો વિશે વધુ જાણો.

આ મહત્વપૂર્ણ કાર્ય ચાલુ હોવાથી અમે તમારી સતત ધીરજ માંગીએ છીએ. મહેરબાની કરીને યાદ રાખો કે શિક્ષકો અને શાળાના કર્મચારીઓ પણ માહિતી અને વિગતોની આતુરતાથી રાહ જોતા હતા કે જેનાથી તેઓ સપ્ટેમ્બરની યોજના બનાવી શકે. દરેક શાળા અને દરેક વર્ગ માટે યોજનાઓ તૈયાર કરવામાં અને તેને અંતિમ સ્વરૂપ આપવામાં થોડો સમય લાગશે. કૃપા કરીને જાણો કે આચાર્યો શક્ય એટલી વહેલી તકે પરિવારો સાથે પોતાની શાળા-વિશિષ્ટની માહિતી આપવાનું શરૂ કરશે. અમે જાણીએ છીએ કે તમારી પાસે ઘણા પ્રશ્નો તથા ચિંતાઓ હશે અને કર્મચારીઓ જરૂરી માહિતી પ્રદાન કરવા તથા તમને જાણ કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો ચાલુ રાખશે.

આપણે આમાં સાથે છીએ અને આપણે સૌ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને પરિવારોના સ્વાસ્થ્ય અને સલામતીને સુનિશ્ચિત કરવા માટેનું એક સામાન્ય સહિયારું લક્ષ્ય ધરાવીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે શાળામાં પાછા ફરવું એ દરેક માટે શક્ય તેટલું સરળ બને અને એમ થાય તે માટે આપણે સાથે કામ કરવાનું ચાલુ રાખવું જરૂરી છે.

આપના વિશ્વાસુ,

Carlene Jackson
Director of Education

કેરલિન જેક્સન
ડિરેક્ટર ઓફ એજ્યૂકેશન

Alexander Brown
Chair

એલેક્ઝેન્ડર બ્રાઉન
ચૅર